| | | | |
|---|---|---|---|
| GJDH100003882026 | | રજૂ તારીખ | : ૦૭/૦૫/૨૦૨૬ |
| | | દાખલ તારીખ | : ૦૭/૦૫/૨૦૨૬ |
| | | ફેસલ તારીખ | : ૦૩/૦૮/૨૦૨૬ |
| | | અવધિ | : વર્ષ માસ દિવસ |
| | | | : ૦૦ – ૦૨ – ૨૭ |

**<u>સંજેલીના મહે.જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ,મું. સંજેલી</u>**

**ફોજદારી કેસ નં.૩૪૩/૨૦૨૬**

**આંક :–૧૩**

શ્રી સરકાર ... ફરિયાદી

:: વિરુધ્ધ ::

**સુમલીબેન વા/ઓ કાન્તીભાઈ વારજીભાઈ નીનામા** ... આરોપી
રહે.પીછોડા, ભીંત ફળીયું,
તા.સંજેલી જી.દાહોદ

**ગુન્હો : <u>ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(એ) મુજબ</u>**

---

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એ.બી.તડવી
બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી.આર.બી.ભાવસાર

---

**<u>–:: ચુ કા દો ::–</u>**

(૧) આ કામના આરોપી સામે સંજેલી પોલીસ સ્ટેશન (પ્રોહીબીશન) ગુના રજીસ્ટર નં.૧૧૮૨૧૦૦૨૨૫૧૪૧૪/૨૦૨૫ થી ધી પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે. કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપીએ તા.૦૩/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૫–૧૫ વાગ્યે મોજે કરંબા ગામે માંડલી ફળીયામાં આ કામના આરોપીએ પ્રોહિ પ્રતિબંધક

એરીયામાં વગર વાસ પરમીટે ગેરકાયદેસર રીતે પોતાના ઘરે દેશી દારુ લી.૦૩ કિ.રૂ.૬૦૦/–નો રાખી પોલીસ રેડ દરમીયાન ઘરે હાજર નહી મળી આવી, ગુનો કરેલ છે.

(૨) સદરહુ ગુનાનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી સારું અત્રેની અદાલતમાં રજૂ થતાં તે ચાર્જશીટને અત્રેની અદાલતમાં ક્રિમીનલ કેસ રજીસ્ટરે નોંધવામાં આવેલું. ત્યારબાદ આરોપીને સમન્સ કરતાં આરોપી હાજર રહેલા. આરોપીને પોલીસ પેપર્સની નકલ પુરી પાડી આરોપીનું  આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી તેનું આંક–૫ થી નિવેદન નોંધતા આરોપીએ તેની સામેના ગુનાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવા જણાવતાં તેની સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**–: મૌખિક પુરાવો :–**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | પંચ ધુળાભાઈ માનજીભાઈ નીનામાની જુબાની | ૦૭ |
| ૨ | પંચ પ્રવિણભાઈ જયંતિભાઈ નીનામાની જુબાની | ૧૦ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામું | ૦૮ |
| ૨ | અસલ ફરિયાદ | ૦૯ |

(૪) આ કામે આરોપીનું વિશેષ નિવેદન બી.એન.એસ.એસ.કલમ–૩૫૧ અન્વયે નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ તેઓ

વિરુધ્ધ ખોટો કેસ કરેલ હોવાનું કથન કરેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

*-:: મુદ્દા ::-*

| | |
|---|---|
| ૧ | શું ફરીયાદપણ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૦૩/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૫-૧૫ વાગ્યે મોજે કરંબા ગામે માંડલી ફળીયામાં આ કામના આરોપીએ પ્રોહિ પ્રતિબંધક એરીયામાં વગર વાસ પરમીટે ગેરકાયદેસર રીતે પોતાના ઘરે દેશી દારુ લી.૦૩ કિ.રૂ.૬૦૦/-નો રાખી પોલીસ રેડ દરમીયાન ઘરે હાજર નહી મળી આવી, ગુનો કરેલ છે ? |
| ૨ | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દા પરત્વેના મારા નિર્ણય જવાબો નીચે મુજબ છે, જેના કારણો નીચે જણાવ્યા પ્રમાણે છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**-: પુરાવાનું મૂલ્યાંકન અને નિર્ણય માટેના કારણો :-**

(૭) ફરીયાદપક્ષે **પંચ સાહેદ ધુળાભાઇ માનજીભાઇ નીનામાનાઓને આંક-૦૭ થી તથા પંચ સાહેદ પ્રવિણભાઇ જયંતિભાઇ નીનામા આંક : ૧૦ થી** તપાસવામાં આવેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, પોલીસ ધ્વારા મને બોલાવી લખેલા કાગળમાં

સાહી કરવાનું કહેતા મે પંચનામામાં મારી સહી કરેલ. તે સીવાય બીજી કઈ હકીકત હું જાણતો નથી. આ પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોઈ, એ પી પી,શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સૂચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી પુરાવો આ કામે રજુ થયેલ નથી.

(૮) આ કામે આંક–૦૮ થી પંચનામું રજુ થયેલ છે પરંતુ તેને પંચ સાહેદોનો જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતુ ન હોય, પંચનામાની વિગત પુરવાર થઇ શકેલ નથી.

(૯) આમ, રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવાનું મુલ્યાકન કરતા, આ કામે આક–૦૯ થી ફરીયાદ રજુ કરવામાં આવેલ છે. પરંતુ આ કામના પંચ સાહેદો પંચનામાની હકીકત વિશે કાંઈ જાણતા નથી, જેથી પંચનામુ પુરવાર થયેલ નથી તેમજ ફરીયાદપક્ષે આરોપીના ધરમાંથી દેશી દારૂ મળી આવેલ હોય, તેવું પુરવાર કરવા આરોપીના ઘરની આજુબાજુના રહીશોના નિવેદન લીધેલ નથી કે આરોપીની માલીકી બતાવવા કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ નથી. પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. મુદામાલ કબજે કરવામાં આવેલ તે પંચનામું પુરવાર થતું નથી, જેથી ફરીયાદપક્ષના પુરાવા ઉપર આધાર રાખી શકાય તેમ નથી, જેથી ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધની કેશ નિ:શંકપણે પુરવાર કરેલ ન હોઈ મદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) આ કામના આરોપીને બી.એન.એસ.એસ.કલમ : ૨૭૧ (૧)મુજબ પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ)

ના શિક્ષાપાત્ર ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ અગાઉ આપેલ જામીન બી. એન. એસ.એસ.ની કલમ ૪૮૧મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે, અગર જો અગાઉના જામીન ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલના કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીના સમયગાળા માટે આરોપીના રૂા.૫,૦૦૦ /– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)ના સધ્ધર જામીન અને જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદ્દામાલ દારુનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

(૪) ક્રિમીનલ મેન્યુઅલનાં પેરા ૪૦ તથા મુંબઈ પોલીસ મેન્યુઅલ ૧૯૫૯ નિયમ :– ૨૪૬ મુજબ હુકમનો ટૂંકસાર સંબંધીત પોલીસ સ્ટેશનમાં મોકલી આપવો.

**આ હુકમ આજ તા.૦૩જી માહે ઓગષ્ટ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.**

**સંજેલી,**
**તા.૦૩/૦૮/૨૦૨૬**

**(ડૉ.તુષાર રણછોડભાઈ ઘોણીયા)**
**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ.**
**સંજેલી,**
**કોડ નં.જી.જે.૦૧૫૬૧**